જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૨૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૧ સ્કૂટર, ૦૨ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૧૪/૧૮

**નવરંગપુરા :** અવનિધરભાઇ પ્રેમચંદભાઇ શાહ (ઉ.વ.૭૫)(રહે,પાટીદાર સોસાયટી, પંચવટી પેટ્રોલ પંપની સામે, સી.જી.રોડ,એલિસબ્રિજ) એ તા.૩૧/૧/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી(૧) પ્રેરીતસિંહ (રહે,પાયલ પાર્ક સોસાયટી, સ્ટાર બજારની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઇટ (૨)દસારી શ્રીનીવાસ ચક્રવર્તી (રહે,રામનગર, અનંતપુર આંધ્રપ્રદેશ (૩)માસાશી કાવાકુચી (રહે,નરીતા હીગાથી, સુગીનામી-કુ, ટોક્યો, જાપાન અને (૪)શ્રીમતી કોટેકલ હરીથા (રહે,મારૂથીનગર, અનંતપુરઆંધ્રપ્રદેશ) ( તમામ માય થિએટર સ્માર્ટ એપ સોલ્યુશન પ્રાલિ. ના ડીરેક્ટરો) ભેગામળી પ્રેમચંદ હાઉસ, આશ્રમરોડ જુની હાઇકોર્ટ અમદાવાદ ખાતે આવેલ “ગોકલદાસ ટ્રેડીંગ કંપની” નામની પેઢીની ઓફીસ ખાતે જાપાન સ્થિત ડેંશુ કંપનીની સબ્સીડરી કંપની હોવાનો અને તેઓની કંપનીમાં રોકાણ કરવાથી ફાયદો થશે તેવો પાકો વિશ્વાસ તથા ભરોસો આપી, તેઓની કંપની માય થિએટર આઇ.એન.સી. જાપાન (ડેન્શુ ગ્રુપ કંપની) ની સબ્સીડરી કંપની હોવાની ખોટી હકીકતવાળો અવનિધરભાઇ સાથે કરાર કરી તેઓ પાસેથી કુલ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, તે પરત નહી આપી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી પી.ટી.ચૌધરી ચલાવે છે.

**રખિયાલ :** ખુશ્બુ ડો/ઓ ધર્મેન્દ્રનાથ ત્રિવેદી (ઉ.વ.૨૪)(રહે,એલ.જી.એફ.વિક્રમ વિહર લાજપતનગર નવી દિલ્હી) એ તા.૩૧/૧/૧૮ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૭ ની અલગ-અલગ તારીખ તથા સમય દરમ્યાન આરોપી (૧) સંસ્કાર ગુપ્તા (૨) ઇબ્રાહીમ સાહીદ (૩) સુમીત (૪) સુરજ (૫) સુકેના (૬) મન્સુર એમ (તમામ રહે,અજીત વિજય કોમ્પ્લેક્ષ રખિયાલ) ભેગામળી એમેઝોન કંપનીમાંથી ઓનલાઇન ઓર્ડર આપી કુલ-૨૭૯ પ્રોડકટ કુલ કિંમત રૂપિયા ૨૨,૦૭,૧૪૫/- મતાની મંગાવી, એમેઝોન કંપનીના ડીલીવરી બોય પાસેથી પ્રોડક્ટ લઇ, પ્રોડકટ જોવા તથા પૈસા આપવાના બહાને જે-તે ગ્રાહકે પોતાના ઘર કે ઓફીસમાં પ્રોડકટ બોક્ષ લઇ જઇ પ્રોડકટ બોક્ષ ખોલી અંદરની એમેઝોન કંપનીની ચીજ-વસ્તુઓ સગેવગે કરી, પરત ડીલીવરી બોય પાસે જઇ "તમારૂ બોક્ષ ખાલી છે" તેમ જણાવી એમેઝોન કંપનીમાં કંમ્પ્લેન કરી, જે-તે કસ્ટમર આરોપીએ એમેઝોન કંપનીમાંથી રીફંડના નાણાં પરત મેળવી, કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૫/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ :** દર્શકભાઇ ચુનીલાલ પટેલ (ઉ.વ.૩૬)(રહે,સીલ્વર ગાર્ડનીયા ગોતા, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧/૧૮ થી તા.૩૦/૧/૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન સોલા બ્રીજ ની બાજુમાં આવેલ સન ચેમ્બર ખાતે આવેલ પોતાની "સન લાઈ એસેસરીઝ" નામની દુકાનમાં બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) પ્રવેશ કરી, દુકાનમાંથી એક કાર ટેપ કિંમત રૂપિયા ૨૬,૦૦૦/-, સેમસંગ કંપની જે-૨ મોડલ ના મોબાઇલ નંગ-૨ કિંમત રૂપિયા ૩૭,૩૦૦/- તથા રોકડા રૂપિયા ૨૩,૦૦૦/- ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬/૧૮</u>**

**નવરંગપુરા :** રાહુલભાઇ કાન્તીભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે,જલદીપ સોસાયટી, વિભાગ-૪, આરોહી ક્લબ રોડ, બોપલ) એ તા.૩૧/૧/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૨/૨૦૧૭ પહેલા કોઇપણ સમયે પોતાની પેઢીમાં કેશ તથા ગોલ્ડની લેવડ-દેવડના કામકાજ તથા પેઢીના રોજે-રોજની કેશ, ગોલ્ડ તથા ચાંદીના સ્ટોકની તમામ જવાબદારી સંભાળનાર આરોપી ધ્રુમિલ રાજેશભાઇ પટેલ (રહે,સત્યમ એપાર્ટમેન્ટ, પારસનગર રોડ, ઘાટલોડીયા) એ રાહુલભાઇની જાણ બહાર રોકડ સીલકમાંથી રૂપીયા ૬,૫૦,૦૦૦/- તથા સોનાના સ્ટોકમાંથી ૧૨૦૦ ગ્રામ વજનની સોનાની લગડીઓ કિંમત રૂપીયા ૩૭,૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ટી.ચૌધરી ચલાવે છે.

**કારંજ :** જફરહુસેન રસુલભાઇ મંસુરી(રહે,કાપડ બજાર ઢાલગરવાડ મમ્મી બજારની બાજુમા કારંજ) એ તા.૩૧/૧/૧૮ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૨૦૧૭ થી તા.૧૭/૧૧/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન કાલીંદ્રી આર્કેટ્ના માલીક/ભાગીદારો કે તેમના મળતીયા માણસોએ ભેગામળી જફરહુસેન નાં કોરા ચેકો ની ચોરી કરી કુલ રૂપિયા ૩,૦૦,૦૦,૦૦૦/- (ત્રણ કરોડ) ની માતબર રકમ જફરહુસેનની ગુજરાતીમાં બોગસ સહી કરી, તમામ નાણા કાલીંદ્રી આર્કેટ ના ખાતામાં જમા કરાવી નાણાની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.તળપદા ચલાવે છે.

**<u>સોનાનું મંગળસુત્રખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭/૧૮</u>**

**વાસણા :** સોનલબેન ભદ્રેશકુમાર શાહ (ઉ.વ.૫૪)(રહે,અચલ ફ્લેટ સુંદરવન સોસાયટી મહેતા રેસ્ટોરન્ટની પાછળ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૮ ના કલાક ૧૧/૫૦ વાગ્યાના સુમારે વાસણા, હરિકૃષ્ણા સોસાયટી પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સોનલબેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્રકિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાનું ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**મેઘાણીનગર :** વિનુલાબેન વા/ઓ અમરસીગ ચાવડા (રહે,ભાર્ગવ સોસાયટી, ભુમિ ટેનામેન્ટ સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર કુબેરનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સૈજપુર ગરનાળા થી શ્રધ્ધા એપાર્ટમેન્ટ રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ વિનુલાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.રાવલજી ચલાવે છે.

**<u>કરંટ લાગતા મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૮/૧૮</u>**

**ઓઢવ :** અક્ષતભાઇ મીતેષભાઇ ઓઝા (ઉ.વ.૨૨)(રહે,ભાવડા સોમનાથ સોસાયટી સરહિંદ રોડ ઓઢવ) તા.૩૦/૧/૧૮ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનનું રીનોવેશન નું કામ ચાલતુ હોય પ્લાસ્ટર કામ તથા ઇલેક્ટ્રીક કામના કારણે વાયર તથા સ્વીચબોર્ડ ખુલ્લા હતા અને મજુરો કડીયાકામ કરી જતા રહેલ તે બાદ મકાનમાં લાઇટ કરવા જતા અંધારાના કારણે ઇલેક્ટ્રીક વાયરો ખુલ્લા હોઇ તેમજ નવા પ્લાસ્ટરના કારણે દીવાલો ભીની હોઇ, અક્ષતભાઇને વીજકરંટ લાગતા વાયર અને સ્વીચબોર્ડ સાથે ચોંટી ગયેલ જેને લાકડાથી છુટા પાડી, સી.યુ.એચ.હોસ્પિટલ ખાતે લઇ જતા, ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૧૯/૧૮**

**મણીનગર :** ભારતીબેન જીતુભાઈ મારવાડી (ઉ.વ.૨૮)(રહે,ઊંટવાળી ચાલી, બહેરામપુરા) તા.૨૨/૦૧/૨૦૧૮ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે મણિનગર, રમણનગર સોસાયટીમાં રસોઈના પ્રોગ્રામમાં ચાલુ ગેસે રોટલા શેકતા હતા ત્યારે અકસ્માતે ચાલુ ગેસસીલેન્ડરની પાઈપ નીકળી જતા ભડકો થતા, સખત રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને વાસણા કોઠારી ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧/૧૮ બપોરના ૨/૩૦ વાગે ભારતીબેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી. સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦/૧૮**

**રામોલ :** લક્ષ્મીબેન વા/ઓ દલપતભાઇ પરમાર (ઉ.વ.૩૭)(રહે,સત્યમ આવાસ યોજના ઔડાના મકાન તનમન ભાજીપાઉં ચાર રસ્તા વસ્ત્રાલ) છેલ્લા એક વર્ષથી માનસીક બીમારીથી પીડાતા હોઇ, બીમારીથી કંટાળી જઇ તા.૩૧/૧/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમની છતના ભાગે સળીયામાં કાપડની દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.